# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન. (ગુજરાતી માધ્યમ)

મુ.પો.બાબેન, અવધ લાઈફ સ્ટાઈલની સામે, બાબેન, તા. બારડોલી, જિ.સુરત.

સ્નેહી વાલી મિત્રો...નમસ્કાર

આપ કુશળ હશો.

સવિનય જણાવવાનું કે આપણી શાળામાં ધો.3 થી 9 ના વિદ્યાર્થી દ્વારા તા.21-12-2024 ને શનિવારના રોજ વાર્ષિકોત્સવ-જીવનપથ કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં આપનું બાળક સહભાગી બન્યું છે તે માટે આપશ્રીએ આપના પાલ્યને પ્રોત્સાહિત કર્યા તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર...

**<u>વાર્ષિકોત્સવ માટે આપ નીચેની સુચનાને ખાસ ધ્યાન પર લેશો.</u>**

1. તા.21-12-2024 ને શનિવારના રોજ ધો. 3 થી 9 ના વિદ્યાર્થીઓને શાળામાં રજા રહેશે. પરંતુ બાળકે કાર્યક્રમ માટે જે તે કોસ્ચ્યુમમાં તૈયાર થઈને શાળામાં 4:00 વાગ્યા સુધીમાં હાજર થવાનું રહેશે.
2. જે બાળક દરરોજ શાળાની બસમાં આવ-જાવ કરે છે તેમને શાળાની બસ લેવા આવશે.
3. બસ ઉપડવાનો સમય બાળકને જણાવવામાં આવશે. આપના પીક-અપ પોઈન્ટથી શાળાનું અંતર અને સમયને ધ્યાનમાં રાખી આપના બાળકને પીક-અપ પોઈન્ટ પર ઉભા રાખશો.
4. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કૃતિ ઈન્ચાર્જને કોસ્ચ્યુમ જમા કરાવવાના રહેશે ત્યાર પછી જ આપના બાળકને ઘરે જાતે પરત લઈ જશો. આપ ઈન્ચાર્જ શિક્ષક પાસેથી બાળકને મેળવો ત્યારે પેરેન્ટસ આઈકાર્ડ ફરજિયાત બતાવવાનું રહેશે.
5. કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીએ સાથે બેગમાં એક જોડી કપડાં લાવવાના રહેશે.
6. કાર્યક્રમ નિયત સમયે શરૂ થશે તેથી આપ 5:45 સુધીમાં આપનું સ્થાન મેળવી લેશો.
7. કાર્યક્રમ શાળાના ગ્રાઉન્ડમાં આયોજિત છે તેમાં બેઠક વ્યવસ્થામાં વચ્ચે જગ્યા ખાલી ન રહે તે રીતે બેસી વ્યવસ્થામાં સહકાર આપશો.
8. વાલી મિત્રો આપનું વાહન રસ્તામાં કે અન્ય જગ્યાએ પાર્ક નહીં કરતા શાળાના નવા પાર્કિંગમાં જ પાર્ક કરશો.
9. આ કાર્યક્રમ આપના બાળકનો છે આપણે સૌ સાથે મળીને આપણા બાળકોના પ્રયત્નને બિરદાવી તેમના આત્મવિશ્વાસને દૃઢ બનાવીએ આ સાથે વ્યવસ્થાપકશ્રીને સહકાર આપી કાર્યક્રમને દિપાવીશું...

**સહકારની અપેક્ષા સહ...**

**આચાર્યશ્રી**

**પરેશભાઈ ખોરાસીયા**

**વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ-બાબેન.(ગુજરાતી માધ્યમ)**